
(1) પરિકોષકેન્દ્રીય અવકાશ કોષકેન્દ્રની અંદર આવેલ દ્રવ્યો અને કોષરસના દ્રવ્યો વચ્ચે અવરોધ બનાવે છે.

(2) કોષકેન્દ્રીય છિદ્રો, કોષકેન્દ્ર અને કોષરસ વચ્ચે પ્રોટીન અને RNA અણુઓની અવરજવર માટે કાર્ય કરે છે.

(3) પુખ્ત ચાલની નલિકાના ઘટકો વિશાળ સુસ્પષ્ટ કોષકેન્દ્ર અને સામાન્ય કોષરસીય અંગિકાઓ ધરાવે છે.

(4) સૂક્ષ્મકાયો વનસ્પતિ અને પ્રાણીકોષો - બંનેમાં હાજર હોય છે.

105. પરાગનયન દરમ્યાન જ્યારે એક વનસ્પતિના પરાગશયમાંથી પરાગરજ અન્ય વનસ્પતિના પરાગાસન પર સ્થાપિત થાય છે અને આમ પરાગાસન પર જનીનિક ભિન્નતા ધરાવતી પરાગરજ સ્થાપિત થાય છે તેને માટે આ શબ્દનો ઉપયોગ થાય છે.

(1) હવાઈપુષ્પો (ચેઝમોગેમી)

(2) સંવૃતતા

(3) પરવશ (ઝેનોગેમી)

(4) ગેઈટનોગેમી

106. જુવારમાં CO_2 ના સ્થાપનમાં સૌ પ્રથમ સ્થાયી નિપજ-

(1) સક્સીનીક એસિડ

(2) ફોસ્ફોગ્લાયસીરીક એસિડ

(3) પાયરૂવીક એસિડ

(4) ઓક્ઝેલોએસેટિક એસિડ

ZOLLEGE.in

107. નીચે પૈકી કયું વિધાન સાચું **નથી** ?

(1) ઊર્જાનો પિરામિડ હંમેશા સીધો હોય છે.

(2) તૃણ નિવસનતંત્રમાં સંખ્યાનો પિરામિડ સીધો હોય છે.

(3) દરિયાઈ જૈવભારનો પિરામિડ સામાન્યતઃ અધોવર્તી (ઊલટો) હોય છે.

(4) દરિયાઈ જૈવભારનો પિરામિડ સામાન્યતઃ સીધો હોય છે.

108. નીચે પૈકી કઈ લીલ કેરાજીન ઉત્પન્ન કરે છે ?

(1) રાતી લીલ

(2) નીલ-હરિત લીલ

(3) હરિત લીલ

(4) કથ્થાઈ લીલ

109. જ્યારે રોગ ઉપચાર માટે મનુષ્ય પેશીમાં જનીન પ્રવર્ધન દ્વારા રોગકારક જનીનને લક્ષ્ય બનાવવાનો પ્રયાસ કરાય છે, તેને કહેવાય :

(1) આણ્વિક નિદાન

(2) સેફ્ટી ટેસ્ટીંગ

(3) જૈવ તસ્કરી

(4) જીન થેરાપી

110. પર્યાવરણ કે જીવનનાં તબક્કાઓનાં પ્રતિસાદરૂપે વનસ્પતિઓ વિવિધ પરિપથોને અનુસરી, વિવિધ પ્રકારની સંરચનાઓ બનાવે છે. આ ક્ષમતાને કહેવાય -

(1) સુઘટ્યતા (પ્લાસ્ટીસીટી)

(2) પુખ્તતા

(3) ઈલાસ્ટીસીટી

(4) આકુંચનતા

111. કુદરતમાં આંતરજાતિય સ્પર્ધા હોવા છતાં, સ્પર્ધક જાતિઓએ તેમની ચિરંજીવીતા માટે કઈ ક્રિયાવિધિ ઉત્પન્ન કરી હોઈ શકે ?

(1) સહોપકારિતા

(2) પરભક્ષણ

(3) સ્ત્રોત વિભાજન

(4) સ્પર્ધાત્મક મુક્તિ

112. લીસ્ટ - I અને લીસ્ટ - II ને મેચ કરો :

	લીસ્ટ - I		લીસ્ટ - II
(a)	ક્રિસ્ટી	(i)	રંગસૂત્રમાં આવેલ પ્રાથમિક ખાંચ
(b)	થાઈલેકોઈડ	(ii)	ગોબી પ્રસાધનમાં આવેલ બિંબ આકારની કોથળી
(c)	સેન્ટ્રોમીઅર	(iii)	કણાભસૂત્રના અંતર્વલન
(d)	સિસ્ટર્ની	(iv)	રંજકકણોના સ્ટ્રોમામાં આવેલ ચપટી પટલમય કોથળીઓ

નીચે આપેલ વિકલ્પો માંથી **સાચો** જવાબ પસંદ કરો :

	(a)	(b)	(c)	(d)
(1)	(iii)	(iv)	(i)	(ii)
(2)	(ii)	(iii)	(iv)	(i)
(3)	(iv)	(iii)	(ii)	(i)
(4)	(i)	(iv)	(iii)	(ii)

113. કોઈ એક કૃષિક્ષેત્રમાં નીંદામણ દૂર કરવા આ વનસ્પતિ અંતઃસ્ત્રાવ વપરાય :

(1) 2, 4-D

(2) IBA

(3) IAA

(4) NAA

114. કોઈ એક વસતિમાં જે ઘટક ને લીધે સ્થાપક અસર (ફાઉન્ડર ઈફેક્ટ) થાય છે, તે -

(1) વિકૃતિ

(2) જનીનિક વિચલન

(3) પ્રાકૃતિક પસંદગી

(4) જનીનિક પુનઃસંયોજન

115. કોલમ - I ને કોલમ - II સાથે ગોઠવો :

	કોલમ - I		કોલમ - II
(a)	સક્રિય વિભાજન ક્ષમતા ધરાવતા કોષો	(i)	નલિકા પેશીઓ
(b)	પેશી જેના દરેક કોષો રચના અને કાર્યમા એકસરખા છે	(ii)	વર્ધનશીલ પેશી
(c)	જુદી જુદી જાતના કોષો ધરાવતી પેશી	(iii)	અષ્ઠિકોષો
(d)	સાંકડો અવકાશ અને અતિશય સ્થુલિત દિવાલ ધરાવતા મૃત કોષો	(iv)	સરળ પેશી

નીચે પૈકી **સાચો** વિકલ્પ પસંદ કરો -

	(a)	(b)	(c)	(d)
(1)	(i)	(ii)	(iii)	(iv)
(2)	(iii)	(ii)	(iv)	(i)
(3)	(ii)	(iv)	(i)	(iii)
(4)	(iv)	(iii)	(ii)	(i)

ZOLLEGE.in

116. કોઈ એક સમયે ભૂમિમાં હાજર પોષકો જેવા કે કાર્બન, નાઈટ્રોજન, ફોસ્ફોરસ, કેલ્શિયમ વિ. ને આ કહેવાય -

(1) ઉપલબ્ધ સ્થિતિ અવસ્થા

(2) ઊભો પાક

(3) ચર્માવસ્થા

(4) ચરમ સમાજ

117. *સેલેજીનેલા* અને *સાલ્વીનીઆ* જેવી જાતિઓ બે પ્રકારના બીજાણુઓ ઉત્પન્ન કરે છે. આવી વનસ્પતિઓને આ કહેવાય -

(1) સમબીજાણુક

(2) વિષમબીજાણુક

(3) હોમોસોરસ (સમસોરસ)

(4) વિષમસોરસ

118. નીચે પૈકી અર્ધિકરણની કયા તબક્કામાં સેંટ્રોમીઅરનું વિભાજન થાય છે ?

(1) ભાજનોત્તરાવસ્થા II

(2) અંત્યાવસ્થા II

(3) ભાજનાવસ્થા I

(4) ભાજનાવસ્થા II

119. કુડમલી (ગેમે), આમાં હાજર હોય છે :

(1) કેટલાક અનાવૃત બીજધારી

(2) કેટલાક લીવરવર્ટ

(3) મોસ

(4) ત્રીઅંગી

120. પોલીમરેઝ ચેઈન રીએક્શન (PCR) ના ચરણોની નીચે પૈકી કઈ શૃંખલા **સાચી** છે ?

(1) વિસ્તૃતિકરણ, વિનૈસર્ગીકરણ, તાપમાનુશિત

(2) તાપમાનુશિત, વિનૈસર્ગીકરણ, વિસ્તૃતિકરણ

(3) વિનૈસર્ગીકરણ, તાપમાનુશિત, વિસ્તૃતિકરણ

(4) વિનૈસર્ગીકરણ, વિસ્તૃતિકરણ, તાપમાનુશિત

121. આપેલ સેંટ્રલ ડોગ્માના ફ્લોચાર્ટને પૂર્ણ કરો :

(a) ↻DNA $\xrightarrow{(b)}$ mRNA $\xrightarrow{(c)}$ (d)

(1) (a)-સ્વયંજનન; (b)-પ્રત્યાંકન; (c)-ભાષાંતર; (d)-પ્રોટીન

(2) (a)-પરિક્રમણ; (b)-ભાષાંતર; (c)-સ્વયંજનન; (d)-પ્રોટીન

(3) (a)-સ્વયંજનન ; (b)-પ્રત્યાંકન; (c)-પરિક્રમણ ; (d)-પ્રોટીન

(4) (a)-ભાષાંતર; (b)-સ્વયંજનન; (c)-પ્રત્યાંકન; (d)-પરિક્રમણ

122. દ્વિગુચ્છી પુંકેસરો આમાં જોવા મળે છે :

(1) વટાણા

(2) જાસુદ અને સીટ્રસ

(3) ચાઈના રોઝ (જાસુદ)

(4) સીટ્રસ

123. પ્રતિજીવનને આમા દર્શાવાય -

(1) જાતિ A (−) ; જાતિ B (−)

(2) જાતિ A (+) ; જાતિ B (0)

(3) જાતિ A (−) ; જાતિ B (0)

(4) જાતિ A (+) ; જાતિ B (+)

124. **લીસ્ટ - I** અને **લીસ્ટ - II** ને મેચ કરો :

	લીસ્ટ - I		**લીસ્ટ - II**
(a)	સંલગ્નતા	(i)	પ્રવાહી સ્વરૂપમાં વધુ આકર્ષણ
(b)	અભિલગ્નતા	(ii)	પાણીના બે ક્રમિક અણુઓમાં લાગતું આકર્ષણ
(c)	પૃષ્ઠતાણ બળ	(iii)	પ્રવાહી સ્વરૂપમાં પાણીનો વ્યય
(d)	બિંદુસ્વેદન	(iv)	ધ્રુવીય સપાટી તરફ સર્જાતું આકર્ષણ

નીચેના વિકલ્પો પૈકી **સાચો** જવાબ પસંદ કરો :

	(a)	**(b)**	**(c)**	**(d)**
(1)	(iii)	(i)	(iv)	(ii)
(2)	(ii)	(i)	(iv)	(iii)
(3)	(ii)	(iv)	(i)	(iii)
(4)	(iv)	(iii)	(ii)	(i)

ZOLLEGE.in

125. સમીકરણ GPP – R = NPP માં,

R દર્શાવે છે -

(1) પર્યાવરણ ઘટક

(2) શ્વસન ક્ષય

(3) વિકિરણ ઊર્જા

(4) અધોગત (રીટાર્ડેશન) ઘટક

126. વનસ્પતિઓમાં, પ્રકાશ અવધિ દરમ્યાન પ્રકાશની અનુભૂતિનું સ્થાન -

(1) કક્ષીયકલિકા

(2) પર્ણ

(3) પ્રરોહઅગ્ર

(4) પ્રકાંડ

127. નીચે પૈકી કઈ PCR (પોલીમરેઝ ચેઈન રીએક્શન) ની ઉપયોગિતા **નથી** ?

(1) છૂટા તારેલ પ્રોટીનનું શુધ્ધિકરણ

(2) જનીન વિકૃતિનું નિદાન

(3) આણ્વિક નિદાન

(4) જનીન પ્રવર્ધન

128. પુનઃ સંયોજીત DNA ટેક્નોલોજીની શુધ્ધિકરણ પ્રક્રિયા દરમ્યાન, એકદમ ઠંડુ ઈથેનોલ ઉમેરવાથી, આ છૂટા પડી આવે છે -

(1) હિસ્ટોન્સ

(2) પોલીસેકેરાઈડ્સ

(3) RNA

(4) DNA

129. નીચે પૈકી કઈ લીલમાં સંચિત (રિઝર્વ) ખોરાક સ્વરૂપે મેનીટોલ હોય છે ?

(1) *વોલ્વોક્સ*

(2) *યુલોથ્રીક્સ*

(3) *એક્ટોકાર્પસ*

(4) *ગ્રાસીલારીઆ*

130. વનસ્પતિ કોષોમાં વિકૃતિ આનાથી ઉત્પન્ન કરાય -

(1) ગામા કિરણો

(2) ઝીટીન

(3) કાયનેટીન

(4) પારરક્ત કિરણો

131. આવૃત્ત બીજધારીમાં પુખ્ત ભ્રૂણપુટ હોય છે -

(1) 7-કોષકેન્દ્રીય અને 7-કોષયુક્ત

(2) 8-કોષકેન્દ્રીય અને 8-કોષયુક્ત

(3) 8-કોષકેન્દ્રીય અને 7-કોષયુક્ત

(4) 7-કોષકેન્દ્રીય અને 8-કોષયુક્ત

132. નીચે પૈકી કયા, વનસ્પતિના દ્વિતીયક ચયાપચયકો **નથી** ?

(1) વીનબ્લાસ્ટીન, કુરકુમીન

(2) રબર, ગમ (ગુંદર)

(3) મોર્ફીન, કોડીન

(4) એમીનો એસિડ્સ, ગ્લુકોઝ

133. જે આકૃતિ દ્વારા પિતૃઓ દ્વારા ઉત્પન્ન થતા જન્યુઓ, ફલિતાંડનું નિર્માણ, F_1 અને F_2 સંતતિના છોડને સમજી શકાય છે તે -

(1) પુનેટ સ્કવેર

(2) નેટ સ્કવેર

(3) બુલેટ સ્કવેર

(4) પંચ સ્કવેર

134. જ્યારે ગુણસૂત્ર (સેંટ્રોમીઅર) બિંદુ રંગસૂત્રોની બે સરખી ભુજાઓની મધ્યમાં સ્થિત હોય તે રંગસૂત્રને આ કહેવાય -

(1) ઉપ-મધ્યકેન્દ્રી (સબ-મેટાસેન્ટ્રિક)

(2) અગ્રબિંદુ (એક્રોસેન્ટ્રિક)

(3) મધ્યકેન્દ્રી (મેટાસેન્ટ્રિક)

(4) અંતર્કેંદ્રી (ટીલોસેન્ટ્રિક)

135. **લીસ્ટ - I** અને **લીસ્ટ - II** ને મેચ કરો :

	લીસ્ટ - I		**લીસ્ટ - II**
(a)	જીવરસ સંયોજન	(i)	પૂર્ણક્ષમતા
(b)	વનસ્પતિ પેશી સંવર્ધન	(ii)	પોમેટો
(c)	વર્ધનશીલ પેશી સંવર્ધન	(iii)	સોમાક્લોન્સ
(d)	સૂક્ષ્મપ્રવર્ધન	(iv)	વિષાણુ રહિત વનસ્પતિઓ

નીચે આપેલ વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો :

	(a)	**(b)**	**(c)**	**(d)**
(1)	(iii)	(iv)	(i)	(ii)
(2)	(iv)	(iii)	(ii)	(i)
(3)	(iii)	(iv)	(ii)	(i)
(4)	(ii)	(i)	(iv)	(iii)

ZOLLEGE.in

વિભાગ - B (જીવવિજ્ઞાન : વનસ્પતિશાસ્ત્ર)

136. પ્લાસ્મીડ pBR322 ના જનીન amp^R અંતર્ગત PstI રીસ્ટ્રીક્શન ઉત્સેચક સ્થાન છે જે એમ્પીસીલીન પ્રતિકાર શક્તિ આપે છે. જો આ ઉત્સેચક β-ગેલેક્ટોસાઈડ ઉત્પાદન માટે જનીન દાખલ કરવા વપરાય અને પુનઃસંયોજીત પ્લાસ્મીડ *ઈ. કોલીની* પ્રજાતિમાં દાખલ કરાય તો-

(1) યજમાન કોષનું અપઘટન થશે.

(2) બેવડી ક્ષમતા સાથેનું એક નવતર પ્રોટીન ઉત્પન્ન કરી શકશે.

(3) તે યજમાન કોષને એમ્પીસીલીન પ્રતિકાર શક્તિ નહીં આપી શકે.

(4) રૂપાંતર પામેલા કોષને એમ્પીસીલીન પ્રતિકાર તેમજ β-ગેલક્ટોસાઈડ ઉત્પાદન-બંને ક્ષમતા હશે.

137. સુકોષ કેન્દ્રીઓમાં, પ્રત્યાંકન પ્રક્રિયામાં RNA પોલીમરેઝ III નો શું ભાગ છે ?

(1) mRNA નાં પૂર્વ સ્વરૂપનું પ્રત્યાંકન કરે

(2) માત્ર snRNA નું પ્રત્યાંકન કરે

(3) rRNA (28S, 18S અને 5.8S) ને પ્રત્યાંકિત કરે

(4) tRNA, 5s rRNA અને snRNA ને પ્રત્યાંકિત કરે

138. ચરઘાતાંકીય વૃધ્ધિ સમીકરણ

$N_t = N_o e^{rt}$, માં e સૂચવે છે -

(1) પ્રાકૃતિક લઘુગુણકનો આધાર

(2) ભૌમિતિક લઘુગુણકનો આધાર

(3) આંકડા લઘુગુણકનો આધાર

(4) ચરઘાતાંકીય લઘુગુણકનો આધાર

139. કોલમ - I ને કોલમ - II સાથે મેચ કરો :

	કોલમ - I		કોલમ - II
(a)	$\% ⚥ K_{(5)} C_{1+2+(2)} A_{(9)+1} \underline{G}_1$	(i)	બ્રાસીકેસી
(b)	$\oplus ⚥ K_{(5)} \overparen{C_{(5)} A_5} \underline{G}_2$	(ii)	લીલીએસી
(c)	$\oplus ⚥ \overparen{P_{(3+3)} A_{3+3}} \underline{G}_{(3)}$	(iii)	ફેબેસી
(d)	$\oplus ⚥ K_{2+2} C_4 A_{2-4} \underline{G}_{(2)}$	(iv)	સોલેનેસી

નીચે પૈકી **સાચો** જવાબ પસંદ કરો -

	(a)	(b)	(c)	(d)
(1)	(ii)	(iii)	(iv)	(i)
(2)	(iv)	(ii)	(i)	(iii)
(3)	(iii)	(iv)	(ii)	(i)
(4)	(i)	(ii)	(iii)	(iv)

140. નીચે પૈકી વિધાનોમાંથી કયું **ખોટું** છે ?

(1) ગ્રેના લેમિલીમાં બંને- PS I અને PS II હોય છે.

(2) ચક્રીય ફોટોફોસ્ફોરાયલેશન માં બંને આવે - PS I અને PS II.

(3) ATP અને NADPH + H^+ - બંને અચક્રીય ફોટોફોસ્ફોરાયલેશનમાં સંશ્લેષિત થાય છે.

(4) સ્ટ્રોમા લેમિલીમાં માત્ર PS I હોય છે અને NADP રીડક્ટેઝ હોતા નથી.

141. કોલમ - I ને કોલમ - II સાથે જોડો :

	કોલમ - I		કોલમ - II
(a)	*નાઈટ્રોકોક્સ*	(i)	ડીનાઈટ્રીફિકેશન
(b)	*રહાઈઝોબીયમ*	(ii)	એમોનીયાનું નાઈટ્રાઈટમાં રૂપાંતરણ
(c)	*થાયોબેસીલસ*	(iii)	નાઈટ્રાઈટનું નાઈટ્રેટમાં રૂપાંતરણ
(d)	*નાઈટ્રોબેક્ટર*	(iv)	હવાના નાઈટ્રોજનનું એમોનીયામાં રૂપાંતરણ

નીચે પૈકી સાચો વિકલ્પ પસંદ કરો -

	(a)	(b)	(c)	(d)
(1)	(iii)	(i)	(iv)	(ii)
(2)	(iv)	(iii)	(ii)	(i)
(3)	(ii)	(iv)	(i)	(iii)
(4)	(i)	(ii)	(iii)	(iv)

142. લીસ્ટ - I અને લીસ્ટ - II ને મેચ કરો :

	લીસ્ટ - I		લીસ્ટ - II
(a)	પ્રોટીન	(i)	C = C દ્વિ બંધ
(b)	અસંતૃપ્ત ફેટી એસિડ	(ii)	ફોસ્ફોડાઈઈસ્ટર બંધ
(c)	ન્યુક્લીક એસીડ	(iii)	ગ્લાયકોસાઈડીક બંધ
(d)	પોલિસેકેરાઈડ	(iv)	પેપ્ટાઈડ બંધ

નીચેના વિકલ્પો પૈકી **સાચો** જવાબ પસંદ કરો :

	(a)	(b)	(c)	(d)
(1)	(ii)	(i)	(iv)	(iii)
(2)	(iv)	(iii)	(i)	(ii)
(3)	(iv)	(i)	(ii)	(iii)
(4)	(i)	(iv)	(iii)	(ii)

ZOLLEGE.in

143. નીચે પૈકી કયું વિધાન **સાચું** છે ?

(1) જે સજીવો જીવીત વનસ્પતિઓ પર નભે તેમને મૃતોપજીવી કહેવાય.

(2) કેટલાક સજીવો હવાના નાઈટ્રોજનનું સ્થાપન કેટલાક ખાસ કોષમાં કરી શકે છે જે કોષોને આચ્છાદ કોષિકા કહેવાય છે.

(3) બે કોષોના યુગ્મનને કેન્દ્રક સંલયન કહેવાય.

(4) બે ચલિતકે અચલિત જન્યુઓ ના જીવરસ યુગ્મનને કોષરસયુકગ્મતા કહેવાય.

144. નીચે પૈકી કઈ કુળ-જોડીઓના કેટલાક સભ્યોમાં પરાગ રજો વિખરાયા પછી મહિનાઓ સુધી તેમની જીવંત ક્ષમતા જાળવી રાખે છે ?

(1) પોએસી ; સોલેનેસી

(2) રોઝેસી ; લેગ્યુમીનોસી

(3) પોએસી ; રોઝેસી

(4) પોએસી ; લેગ્યુમીનોસી

145. સાચી જોડી પસંદ કરો :

(1) મજ્જાકિરણોના એ કોષો જે એધાવલયનો એક ભાગ બને છે. - આંતરપુલીય એધા

(2) મૃદુતકીય કોષો જે અધિસ્તરનું ભંગાણ કરી છાલમાં બહિર્ગોળ આકારની રચના બનાવે - મૃદુતકીય શિથીલોતક

(3) મોટા, રંગવિહીન, ખાલી કોષો જે ઘાસમાં અધિસ્તરમાં આવેલ હોય છે - સહાયક કોષો

(4) દ્વિદળી પર્ણોમાં વાહીપુલો, મોટા, જાડી દિવાલો વાળા કોષોથી ઘેરાયેલ હોય છે - સંયુકત પેશીઓ

146. નીચે પૈકી કયું વિધાન **ખોટું** છે ?

(1) ATP નું સંશ્લેષણ સંકુલ V દ્વારા થાય છે.

(2) શ્વસનમાં, ઓક્સીડેશન-રીડક્શન પ્રતિક્રિયાઓ પ્રોટોન ઢાળ ઉત્પન્ન કરે છે.

(3) જારક શ્વસન દરમ્યાન ઓક્સીજનનું કાર્ય અંતિમ તબક્કામાં જ રહેલું છે.

(4) ETC (ઈલેક્ટ્રોન ટ્રાન્સપોર્ટ ચેઈન) માં, $NADH + H^+$ નો એક અણુ, 2 ATP અણુઓ ઉત્પન્ન કરે છે અને એક $FADH_2$, 3 ATP અણુઓ ઉત્પન્ન કરે છે.

147. લીસ્ટ - I અને લીસ્ટ - II ને મેચ કરો :

	લીસ્ટ - I		લીસ્ટ - II
(a)	S તબક્કો	(i)	પ્રોટીન્સ સંશ્લેષિત થાય છે
(b)	G_2 તબક્કો	(ii)	નિષ્ક્રિય તબક્કો
(c)	વિરામી અવસ્થા	(iii)	સમવિભાજન અને DNA દ્વિગુણન વચ્ચે મધ્ય વિરામ
(d)	G_1 તબક્કો	(iv)	DNA સ્વયંજનનની

નીચે આપેલ વિકલ્પો પૈકી **સાચો** જવાબ પસંદ કરો :

	(a)	(b)	(c)	(d)
(1)	(iv)	(i)	(ii)	(iii)
(2)	(ii)	(iv)	(iii)	(i)
(3)	(iii)	(ii)	(i)	(iv)
(4)	(iv)	(ii)	(iii)	(i)

148. નીચે પૈકી **સાચું** વિધાન ઓળખો -

(1) પ્રત્યાંકન એકમમાં આવેલ સાંકેતન શૃંખલા mRNA માં પ્રતિઅંકન પામે.

(2) સ્પ્લિટ (Split) જનીન ગોઠવણી એ આદિકોષકેન્દ્રીઓની લાક્ષણિકતા છે.

(3) કેપીંગમાં, મિથાઈલ ગ્વાનોસીન ટ્રાઈફોસ્ફેટને hnRNA ના 3′ છેડા પર ઉમેરવામાં આવે છે.

(4) બેક્ટેરિઆમાં પ્રત્યાંકનની પ્રક્રિયાને પૂર્ણ કરવા RNA પોલીમરેઝ Rho ઘટક સાથે જોડાય છે.

149. આજકાલ, એ શક્ય છે કે કેંસર પેદા કરતા વિકૃતિ પામેલ જનીનને તેના પૂરક DNA ને રેડિયોએક્ટિવ પ્રોબ દ્વારા ક્લોન કોષોમાં સંવર્ધિત કરી, ઓટોરેડિયોગ્રાફી થી તેને ઓળખી શકાય, કારણ કે :

(1) પ્રોબને વિકૃત જનીન સાથે કોઈ પૂરકતા ન હોવાને લીધે, તે વિકૃતિ પામેલ જનીન ફોટોગ્રાફીક ફિલ્મમાં આવશે જ નહીં.

(2) પ્રોબેન વિકૃત જનીન સાથે પૂરકતા હોવાને લીધે, તે જનીન ફોટોગ્રાફીક ફિલ્મમાં નહીં ઉપસી આવે.

(3) ફોટોગ્રાફીક ફિલ્મમાં વિકૃતિ પામેલ જનીન થોડુ ઘણું ઉપસી આવે.

(4) ફોટોગ્રાફીક ફિલ્મમાં વિકૃતિ પામેલ જનીન આખેઆખું અને ચોખ્ખું ઉપસી આવે.

150. DNA ફિંગરપ્રિંટીંગમાં DNA શૃંખલાના કેટલાક વિશિષ્ટ પ્રદેશો વચ્ચેનો તફાવત ઓળખવાનું આવે છે, જેમને કહેવાય-

(1) એકલ ન્યુક્લીઓટાઈડ્સ

(2) બહુરૂપક DNA

(3) સેટેલાઈટ DNA

(4) પુનરાવર્તીત DNA

ZOLLEGE.in

વિભાગ - A (જીવવિજ્ઞાન : પ્રાણીશાસ્ત્ર)

151. એરીથ્રોપોએટીન અંતઃસ્ત્રાવ કે જે R.B.C. નિર્માણને પ્રેરે છે તે શેના દ્વારા ઉત્પન્ન થાય છે ?

(1) અસ્થિમજ્જાના કોષો દ્વારા

(2) મૂત્રપિંડના જકસ્ટાગ્લોમેરુલર (જકસ્ટા રૂધિર કેશિકા ગુચ્છ) કોષો દ્વારા

(3) સ્વાદુપિંડના આલ્ફા કોષો દ્વારા

(4) રોસ્ટ્રલ એડીનોહાયપોફાયસીસના કોષો દ્વારા

152. નીચેનામાંથી શેનો સમાવેશ મસ્કીડી કૂળમાં થાય છે ?

(1) વંદો

(2) ઘર માખી

(3) આગીયો

(4) તીતીઘોડો

153. નીચેનાને જોડો :

યાદી - I		યાદી - II	
(a)	*ફાયસેલિયા*	(i)	મોતી છીપ
(b)	*લીમ્યુલસ*	(ii)	ફિરંગી મનવાર
(c)	*એનસીલોસ્ટોમા*	(iii)	જીવંત અશ્મિ
(d)	*પિંક્ટાડા*	(iv)	હુક વોર્મ

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

	(a)	(b)	(c)	(d)
(1)	(ii)	(iii)	(iv)	(i)
(2)	(i)	(iv)	(iii)	(ii)
(3)	(ii)	(iii)	(i)	(iv)
(4)	(iv)	(i)	(iii)	(ii)

154. રોગોની અસરકારક સારવાર કરવા માટે તેનું વહેલુ નિદાન અને તેની રોગદેહધર્મવિદ્યા સમજવી ખૂબજ જરૂરી છે. નીચેનામાંથી કઈ આણ્વિક નિદાન પધ્ધતિ વહેલી જાણકારી માટેની છે ?

(1) ELISA પધ્ધતિ

(2) હાઈબ્રીડાઈજેશન પધ્ધતિ

(3) વેસ્ટર્ન બ્લોટીંગ પધ્ધતિ

(4) સધર્ન બ્લોટીંગ પધ્ધતિ

155. નીચેનામાંથી કયુ અંતઃસ્ત્રાવ મુક્ત કરતું IUD છે ?

(1) Cu 7

(2) મલ્ટીલોડ 375

(3) CuT

(4) LNG 20

156. નીચેનામાંથી અર્ધિકરણની પૂર્વાવસ્થાના કયા તબક્કાનું ખાસ લક્ષણ છે કે જેમાં સ્વસ્તિક ચોકડીઓ દૂર થઈ જાય છે ?

(1) ડાયકાઈનેસીસ

(2) પેકિટીન

(3) લેપ્ટોટીન

(4) ઝાયગોટીન

157. ઈન્સ્યુલીનના પરીપ્રેક્ષમાં સાચો વિકલ્પ પસંદ કરો.

(a) પરીપક્વ ઈન્સ્યુલીનમાં C-પેપ્ટાઈડ હાજર નથી.

(b) rDNA પધ્ધતિ દ્વારા બનાવાયેલ ઈન્સ્યુલીનમાં C-પેપ્ટાઈડ હોય છે.

(c) પ્રોઈન્સ્યુલીનમાં C-પેપ્ટાઈડ હોય છે.

(d) ઈન્સ્યુલીનના A-પેપ્ટાઈડ અને B-પેપ્ટાઈડ એકબીજા સાથે ડાયસલ્ફાઈડ બંધ દ્વારા પરસ્પર જોડાયેલ હોય છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

(1) ફક્ત (a), (c) અને (d)

(2) ફક્ત (a) અને (d)

(3) ફક્ત (b) અને (d)

(4) ફક્ત (b) અને (c)

158. નીચેનામાંથી કયા સજીવ પોલું, છિદ્રિષ્ઠ અને લાંબુ હાડકું ધરાવે છે ?

(1) *મેક્રોપસ*

(2) *ઓર્નીથોરીંક્સ*

(3) *નીઓફ્રોન*

(4) *હેમીડેક્ટીલસ*

159. 'AB' રૂધિરજૂથ વાળી વ્યક્તિને "સર્વદાતા" તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે :

(1) RBC પર એન્ટિબોડીઝ એન્ટિ-A અને એન્ટિ-B હાજર હોય છે.

(2) રૂધિરરસમાં એન્ટિબોડીઝ એન્ટિ-A અને એન્ટિ-B ગેરહાજર હોય છે.

(3) RBC ની સપાટી પર એન્ટિજન A અને B ગેરહાજર હોય છે.

(4) રૂધિરરસમાં એન્ટિજન A અને B ગેરહાજર હોય છે.

ZOLLEGE.in

160. નિષ્ક્રિય ફાઈબ્રીનોજન્સના ફાઈબ્રીન્સમાં રૂપાંતરણ થવા માટે કયો ઉત્સેચક જવાબદાર છે ?

(1) એપીનેફ્રીન

(2) થ્રોમ્બોકાઈનેઝ

(3) થ્રોમ્બીન

(4) રેનીન

161. નીચેનામાંથી કયુ વિધાન લીસા સ્નાયુની પ્રકૃતિને ખોટી રીતે રજૂ કરે છે ?

(1) કોષો વચ્ચે સંચાર અધિબિંબ મારફતે થાય છે.

(2) આ સ્નાયુઓ રૂધિર વાહિનીની દિવાલમાં આવેલા છે.

(3) આ સ્નાયુમાં રેખીત પટ્ટા હોતા નથી.

(4) તે અનૈચ્છિક સ્નાયુઓ છે.

162. **યાદી - I** ને **યાદી - II** સાથે જોડો.

યાદી – I		**યાદી – II**	
(a)	સમખંડતા	(i)	કોષ્ઠાંત્રી
(b)	નલિકા તંત્ર	(ii)	કંકતધરા
(c)	કંકત તક્તીઓ	(iii)	નુપુરક
(d)	ડંખાંગિકાઓ	(iv)	સછિદ્ર

નીચે આપેલા વિકલ્પો પૈકી **સાચો** જવાબ પસંદ કરો.

	(a)	**(b)**	**(c)**	**(d)**
(1)	(iii)	(iv)	(ii)	(i)
(2)	(iv)	(i)	(ii)	(iii)
(3)	(iv)	(iii)	(i)	(ii)
(4)	(iii)	(iv)	(i)	(ii)

163. DNA માં એન્ડોન્યુકલીયેઝ દ્વારા ચોક્કસ જગ્યાએ આવેલ ઓળખક્રમને ઓળખી ચોક્કસ જગ્યાએથી કાપવામાં આવતી શૃંખલા એ ?

(1) પેલીન્ડ્રોમીક ન્યુકલીઓટાઈડ શૃંખલા

(2) પોલી(A) પુચ્છ શૃંખલા

(3) ડીજનરેટીવ પ્રાઈમર શૃંખલા

(4) ઓકાઝાકી શૃંખલા

164. કયો એકમાત્ર ઉત્સેચક શક્તિમાન છે કે જે પ્રોકેરીયોટ્સમાં પ્રત્યાંકન પ્રક્રિયા દરમ્યાન આરંભ, લંબાઈમાં વધારો અને સમાપ્તિનું ઉત્પ્રેરણ કરે છે ?

(1) DNA લાઈગેઝ

(2) ડીએનેઝ (DNase)

(3) DNA આધારિત DNA પોલીમરેઝ

(4) DNA આધારિત RNA પોલીમરેઝ

165. **ખોટી** જોડને ઓળખો :

(1) લેક્ટિન્સ - કોનકેનેવેલીન A

(2) ડ્રગ્સ - રિસીન

(3) આલ્કેલોઈડ્સ - કોડીન

(4) ટોક્સીન - એબ્રિન

166. વાયુકોષ્ઠો (પ્રસરણ સ્થાને) પર ઓક્સિજન (O_2) અને કાર્બન ડાયોક્સાઈડ (CO_2) નું આંશિક દબાણ (mm Hg માં) કેટલું હોય છે ?

(1) $pO_2 = 95$ અને $pCO_2 = 40$

(2) $pO_2 = 159$ અને $pCO_2 = 0.3$

(3) $pO_2 = 104$ અને $pCO_2 = 40$

(4) $pO_2 = 40$ અને $pCO_2 = 45$

167. અંગીકાઓ કે જેનો સમાવેશ અંતઃપટલમય તંત્રમાં થાય છે :

(1) ગોલ્ગી કૉમ્પ્લેક્સ, કણાભસૂત્ર, રીબોઝોમ અને લાયસોઝોમ

(2) ગોલ્ગી કૉમ્પ્લેક્સ, અંતઃકોષરસ જાળ, કણાભસૂત્ર અને લાયસોઝોમ

(3) અંતઃકોષરસ જાળ, કણાભસૂત્ર, રીબોઝોમ અને લાયસોઝોમ

(4) અંતઃકોષરસ જાળ, ગોલ્ગી કૉમ્પ્લેક્સ,લાયસોઝોમ અને રસધાનીઓ

168. જો એડેનાઈન 30% DNA નો અણુ બનાવતો હોય તો તેમાં થાયમીન, ગ્વાનીન અને સાયટોસીનની ટકાવારી કેટલી હશે ?

(1) T : 30 ; G : 20 ; C : 20

(2) T : 20 ; G : 25 ; C : 25

(3) T : 20 ; G : 30 ; C : 20

(4) T : 20 ; G : 20 ; C : 30

169. ડોબસન એકમનો ઉપયોગ શેની જાડાઈ માપવા માટે થાય છે ?

(1) ઓઝોન

(2) ક્ષોભ મંડળ

(3) CFCs

(4) સમતાપ મંડળ

ZOLLEGE.in

170. નીચેના વિધાન વાંચો :

(a) એકાંતર જનન કૃમીઓમાં જોવા મળે છે.

(b) શૂળ ત્વચીઓ ત્રિગર્ભ સ્તરીય અને દેહકોષ્ઠી પ્રાણીઓ છે.

(c) ગોળ કૃમિઓ અંગતંત્ર સ્તરીય શરીર આયોજન ધરાવે છે.

(d) કંકત તકતીઓ કંકત ધરામાં જોવા મળે છે, જે પાચનમાં મદદ કરે છે.

(e) જલવાહક તંત્ર શૂળત્વચીઓની લાક્ષણિકતા છે.

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

(1) (a), (d) અને (e) સાચાં છે.

(2) (b), (c) અને (e) સાચાં છે.

(3) (c), (d) અને (e) સાચાં છે.

(4) (a), (b) અને (c) સાચાં છે.

171. દીર્ઘકાલીન સ્વ-રોગપ્રતિકાર કે જે સ્નાયુ જોડાણોને અસર કરે છે, જેનાથી થાક લાગવો, કંકાલ સ્નાયુઓની નબળાઈ અને લકવા જેવી અસર થાય છે તેને શું કહે છે ?

(1) માયેસ્થેનીઆ ગ્રેવીસ

(2) ગાઉટ

(3) આર્થરાઈટીસ

(4) મસ્ક્યૂલર ડિસ્ટ્રોફી

172. **યાદી - I** ને **યાદી - II** સાથે મેળવો.

યાદી - I		**યાદી - II**	
(a)	વોલ્ટ્સ	(i)	શુક્રકોષનો ગ્રીવા મારફતે થતો પ્રવેશ રોકે છે
(b)	IUDs	(ii)	શુક્રવાહિની દૂર કરવી
(c)	પુરૂષ નસબંધી	(iii)	ગર્ભાશયમાં શુક્રકોષનું ભક્ષણ
(d)	સ્ત્રી નસબંધી	(iv)	ફેલોપીયન નલિકા દૂર કરવી

નીચેના વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

	(a)	**(b)**	**(c)**	**(d)**
(1)	(ii)	(iv)	(iii)	(i)
(2)	(iii)	(i)	(iv)	(ii)
(3)	(iv)	(ii)	(i)	(iii)
(4)	(i)	(iii)	(ii)	(iv)

173. તારાકેન્દ્ર કયા તબક્કામાં દ્વિગુણન પામે છે :

(1) ભાજનાવસ્થા

(2) G_2 તબક્કો

(3) S-તબક્કો

(4) પૂર્વાવસ્થા

174. સસ્તનપ્રાણીમાં શુક્રકોષ જોડાણ માટેના ગ્રાહકો (રીસેપ્ટર્સ) શેના પર આવેલા હોય છે ?

(1) પેરીવિટેલાઈન અવકાશ

(2) ઝોના પેલ્યુસીડા

(3) કોરોના રેડીએટા

(4) અંડપડ

175. નીચેનામાંથી કઈ લાક્ષણિકતા વંદાના સંદર્ભમાં **સાચી નથી** ?

(1) માદામાં 7થી 9મું અધોકવચ ભેગા મળી જનન કોથળીની રચના કરે છે.

(2) નર અને માદા બંનેમાં 10મો ઉદરીયખંડ એક જોડ પુચ્છશૂળ ધરાવે છે.

(3) મધ્યાંત્ર અને પશ્ચાંત્રના જોડાણ સ્થળે જઠરીય-અધાંત્રોની રીંગ આવેલી હોય છે.

(4) અધોજીહવા મુખાંગો દ્વારા ઘેરાયેલ ગૃહામાં આવેલ હોય છે.

176. **યાદી - I** અને **યાદી - II** મેળવો.

યાદી - I		**યાદી - II**	
(a)	*એસ્પરજીલસ નાઈઝર*	(i)	એસેટીક એસિડ
(b)	*એસીટોબેક્ટર એસીટી*	(ii)	લેક્ટીક એસિડ
(c)	*ક્લોસ્ટ્રીડીયમ બ્યુટીલીકમ*	(iii)	સાઈટ્રીક એસિડ
(d)	*લેક્ટોબેસીલસ*	(iv)	બ્યુટીરીક એસિડ

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

	(a)	**(b)**	**(c)**	**(d)**
(1)	(ii)	(iii)	(i)	(iv)
(2)	(iv)	(ii)	(i)	(iii)
(3)	(iii)	(i)	(iv)	(ii)
(4)	(i)	(ii)	(iii)	(iv)

177. સમાગમને લગતા રોગો શેના દ્વારા ફેલાય છે ?

(a) જંતુમુક્ત સોયના ઉપયોગ થી

(b) સંક્રમિત વ્યક્તિનું રૂધિર ચઢાવવાથી

(c) સંક્રમિત માતા થી ગર્ભસ્થ શિશુમાં

(d) ચુંબન કરવાથી

(e) વારસાગત

નીચેના વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

(1) ફક્ત (b) અને (c)

(2) ફક્ત (a) અને (c)

(3) ફક્ત (a), (b) અને (c)

(4) ફક્ત (b), (c) અને (d)

ZOLLEGE.in

178. નીચેનામાંથી કયા RNA ની પ્રોટીન સંશ્લેષણ માટે જરૂર હોતી નથી ?

(1) rRNA

(2) siRNA

(3) mRNA

(4) tRNA

179. વાયુકોષ્ઠોમાં ઓક્સિહિમોગ્લોબીન બનવા માટેની અનુકૂળ સ્થિતિ પસંદ કરો.

(1) ઉંચો pO_2, ઉંચો pCO_2, ઓછો H^+, ઉંચુ તાપમાન

(2) નીચો pO_2, નીચો pCO_2, વધારે H^+, ઉંચુ તાપમાન

(3) ઉંચો pO_2, નીચો pCO_2, ઓછો H^+, નીચું તાપમાન

(4) નીચો pO_2, ઉંચો pCO_2,વધારે H^+, ઉંચામાં ઉંચુ તાપમાન

180. સકસ એન્ટેરીકસને કહેવામાં આવે છે :

(1) જઠરીય રસ

(2) જઠર પાક

(3) સ્વાદુ રસ

(4) આંત્ર રસ

181. સીકલ સેલ એનેમીયાના વિષમયુગ્મી જનીનો વાળા નર અને માદા વચ્ચે સંકરણ થાય તો કેટલા ટકા સંતતિ આ રોગગ્રસ્ત હશે ?

(1) 25%

(2) 100%

(3) 50%

(4) 75%

182. PCR ના ઉપયોગથી જનીન પ્રવર્ધન પ્રક્રિયા દરમ્યાન, જો શરૂઆતમાં ખૂબજ ઊંચુ તાપમાન જાળવવામાં ન આવે તો નીચેના માંથી PCR ની કઈ પ્રક્રિયા પ્રથમ અસરગ્રસ્ત થાય છે.

(1) વિનૈસર્ગીકરણ

(2) જોડાણ

(3) તાપમાનુંશીતન

(4) વિસ્તૃતીકરણ

183. નીચેનામાંથી કયુ પાકોમાં જૈવિક રક્ષણાત્મકતા માટેનો હેતુ **નથી** ?

(1) વિટામીનનું પ્રમાણ વધારવુ

(2) સૂક્ષ્મ પોષક દ્રવ્યો અને ખનિજ દ્રવ્યોનું પ્રમાણ વધારવુ

(3) પ્રોટીન પ્રમાણ સુધારવુ

(4) રોગપ્રતિકારકતા વધારવી

184. ઓડીના મુદ્રિકા સ્નાયુ ક્યાં આવેલા હોય છે.

(1) જઠર-અન્નનાલીય જોડાણ સ્થાને

(2) મધ્યાંત્ર અને પક્વાશયના જોડાણ સ્થાને

(3) શેષાંત્ર-ઈંધાંત્ર જોડાણ સ્થાને

(4) યકૃત-સ્વાદુપિંડ નલિકા અને પક્વાશયના જોડાણ સ્થાને

185. ફળમાખીના દરેક કોષમાં 8 રંગસૂત્રો (2n) હોય છે. સમવિભાજનના આંતરવસ્થામાં જો G_1 તબક્કામાં રંગસૂત્ર સંખ્યા 8 હોય તો S-તબક્કા પછી રંગસૂત્રોની સંખ્યા કેટલી હશે ?

(1) 4

(2) 32

(3) 8

(4) 16

વિભાગ - B (જીવવિજ્ઞાન : પ્રાણીશાસ્ત્ર)

186. કોષીય જોડાણનાં પ્રકારોને ઓળખો જે પદાર્થોને પેશીની બહાર નિકળતા અટકાવે છે અને આયનો અને અણુઓના ત્વરિત સ્થાનાંતરણ મારફતે પડોશી કોષો સાથે સંચારની અનુકૂળતા પૂરી પાડે છે.

(1) અનુક્રમે અભિલગ્ન જોડાણ અને દૃઢ જોડાણ

(2) અનુક્રમે અભિલગ્ન જોડાણ અને અવકાશી જોડાણ

(3) અનુક્રમે અવકાશી જોડાણ અને અભિલગ્ન જોડાણ

(4) અનુક્રમે દૃઢ જોડાણ અને અવકાશી જોડાણ

187. **વિધાન I :**

સંકેત 'AUG' મીથીઓનીન અને ફિનાઈલ એલેનીન માટેનો સંકેત છે.

વિધાન II :

'AAA' અને 'AAG' બંને સંકેત એમીનો એસિડ લાયસીન માટેના છે.

બંને વિધાનોને ધ્યાને લઈ નીચેના વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

(1) **વિધાન I** સાચું છે પરંતુ **વિધાન II** ખોટુ છે.

(2) **વિધાન I** ખોટુ છે પરંતુ **વિધાન II** સાચું છે.

(3) **વિધાન I** અને **વિધાન II** બંને સાચાં છે.

(4) બંને **વિધાન I** અને **વિધાન II** ખોટા છે.

ZOLLEGE.in

188. નીચેનામાંથી કયુ 'મલ્ટીપલ ઓવ્યુલેશન એમ્બ્રીયો ટ્રાન્સફર પધ્ધતિ (MOET)' નું પગથીયું **નથી** ?

(1) ગાયને કૃત્રિમ વીર્યસેચન દ્વારા ફલિત કરાય છે.

(2) ફલિત અંડકોષને 8-32 કોષ તબક્કા વખતે ભાડૂતી માતામાં સ્થળાંતરીત કરાય છે.

(3) ગાય ને LH જેવા અંતઃસ્ત્રાવની સારવાર આપવામાં આવે જેથી વધુ અંડસર્જન થાય.

(4) ગાય એક સમયે 6 થી 8 અંડકોષો આપે છે.

189. નીચેના વિધાનો અળસીયાના મુખાગ્ર અંગેના છે.

(a) તે મુખ આવરણ બનાવે છે.

(b) તેની મદદ થી તે માટીને છીણીને પાતળી તિરાડ પાળી આગળ વધે છે.

(c) તે એક સંવેદી રચના છે.

(d) તે પ્રથમ શરીર ખંડ છે.

નીચેના વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

(1) (a), (b), (c) અને (d) સાચાં છે.

(2) (b) અને (c) સાચાં છે.

(3) (a), (b) અને (c) સાચાં છે.

(4) (a), (b) અને (d) સાચાં છે.

190. **યાદી - I** અને **યાદી - II** ને મેળવો.

	યાદી - I		યાદી - II
(a)	એલેનનો નિયમ	(i)	કાંગારૂ રેટ
(b)	દેહધાર્મિક અનુકૂલન	(ii)	રણની ગરોળી
(c)	વર્તણુંકના અનુકૂલન	(iii)	ઉંડાણમાં સમુદ્ર મત્સ્ય
(d)	જૈવરાસાયણિક અનુકૂલન	(iv)	ધ્રુવિય સીલ

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

	(a)	(b)	(c)	(d)
(1)	(iv)	(i)	(ii)	(iii)
(2)	(iv)	(iii)	(ii)	(i)
(3)	(iv)	(ii)	(iii)	(i)
(4)	(iv)	(i)	(iii)	(ii)

191. **યાદી - I** અને **યાદી - II** ને મેળવો.

	યાદી - I		યાદી - II
(a)	ફાઈલેરીએસીસ	(i)	*હિમોફિલસ ઈન્ફ્લ્યુએન્ઝા*
(b)	અમીબાયેસીસ	(ii)	*ટ્રાઈકોફાઈટોન*
(c)	ન્યુમોનીયા	(iii)	*વુચેરેરીયા બાન્ક્રોફ્ટી*
(d)	રીંગવોર્મ	(iv)	*એન્ટામીબા હિસ્ટોલાઈટીકા*

નીચે આપેલા વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

	(a)	(b)	(c)	(d)
(1)	(i)	(ii)	(iv)	(iii)
(2)	(ii)	(iii)	(i)	(iv)
(3)	(iv)	(i)	(iii)	(ii)
(4)	(iii)	(iv)	(i)	(ii)

192. **યાદી - I** ને **યાદી - II** સાથે મેળવો.

	યાદી - I		યાદી - II
(a)	અનુકૂલિત પ્રસરણ	(i)	તૃણનાશક અને કીટનાશકના વધુ પડતા વપરાશના કારણે પ્રતિરોધક જાતોની પસંદગી
(b)	કેન્દ્રાભિસારી ઉદ્‌વિકાસ	(ii)	મનુષ્ય અને વ્હેલના અગ્રઉપાંગના હાડકા
(c)	અપસારી ઉદ્‌વિકાસ	(iii)	પતંગીયુ અને પક્ષીની પાંખ
(d)	માનવપ્રેરીત ઉદ્‌વિકાસ	(iv)	ડાર્વીન ફિન્ચીઝ

નીચેના વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

	(a)	(b)	(c)	(d)
(1)	(ii)	(i)	(iv)	(iii)
(2)	(i)	(iv)	(iii)	(ii)
(3)	(iv)	(iii)	(ii)	(i)
(4)	(iii)	(ii)	(i)	(iv)

193. પ્રસુતિ પછીના તબક્કામાં નીચેનામાંથી કયુ રિલેક્સીન અંતઃસ્ત્રાવનો સ્ત્રાવ કરે છે ?

(1) ગર્ભ

(2) ગર્ભાશય

(3) ગ્રાફીયન પુટીકાઓ

(4) કોર્પસ લ્યુટીયમ

ZOLLEGE.in

194. નીચેનામાંથી કયુ વિધાન હિસ્ટોન માટે **ખોટુ** છે ?

(1) હિસ્ટોન એમીનો એસિડ - લાયસીન અને આર્જીનીન સમૃધ્ધ હોય છે.

(2) હિસ્ટોન સાઈડ ચેઈનમાં ધન વિજભાર ધરાવે છે.

(3) હિસ્ટોન્સ આયોજીત થઈ 8 અણુઓનું એકમ બનાવે છે.

(4) હિસ્ટોનનો pH થોડો એસિડીક હોય છે.

195. 'લિપીડ'મા સંદર્ભમાં નિવેદનો નીચે મુજબ છે.

(a) ફક્ત એક બંધ ધરાવતા લિપીડને અસંતૃપ્ત ફેટી એસિડ કહે છે.

(b) લેસીથીન ફોસ્ફોલીપીડ છે.

(c) ટ્રાઈહાઈડ્રોક્સી પ્રોપેન ગ્લીસરોલ છે.

(d) પાલમીટીક એસિડમાં કાર્બોક્ઝાઈલ કાર્બન સાથે 20 કાર્બનના અણુઓ છે.

(e) એરેકીડોનીક એસિડમાં 16 કાર્બન અણુંઓ છે.

નીચેના વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

(1) ફક્ત (b) અને (c)

(2) ફક્ત (b) અને (e)

(3) ફક્ત (a) અને (b)

(4) ફક્ત (c) અને (d)

196. **યાદી- I** અને **યાદી- II** ને મેળવો.

	યાદી - I		**યાદી - II**
(a)	સ્કંધાસ્થિ	(i)	કાસ્થિમય સાંધો
(b)	ખોપરી	(ii)	ચપટ અસ્થિ
(c)	ઉરોસ્થિ	(iii)	તંતુમય સાંધો
(d)	કરોડ સ્તંભ	(iv)	ત્રિકોણાકાર ચપટ અસ્થિ

નીચેના વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

	(a)	**(b)**	**(c)**	**(d)**
(1)	(iv)	(ii)	(iii)	(i)
(2)	(iv)	(iii)	(ii)	(i)
(3)	(i)	(iii)	(ii)	(iv)
(4)	(ii)	(iii)	(iv)	(i)

197. એડીનોસાઈન ડીએમીનેઝની ઊણપ શેમાં પરિણમે છે ?

(1) પાચન સંબંધી ગરબડી

(2) એડીસન્સ રોગ

(3) રોગપ્રતિકારક તંત્રમાં ખરાબી

(4) પાર્કિન્સન્સ રોગ

198. સ્નાયુ સંકોચન દરમ્યાન નીચેનામાંથી કઈ ઘટના થાય છે ?

(a) 'H' ઝોન અદશ્ય થાય છે

(b) 'A' બેન્ડ પહોળો થાય છે

(c) 'I' બેન્ડની પહોળાઈ ઘટે છે

(d) માયોસીન ATP નું જળવિભાજન કરી ADP અને Pi મુક્ત કરે છે

(e) એક્ટીન સાથે જોડાયેલ Z-લાઈન અંદર તરફ ખેંચાય છે

નીચેના વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

(1) ફક્ત (b), (c), (d), (e)

(2) ફક્ત (b), (d), (e), (a)

(3) ફક્ત (a), (c), (d), (e)

(4) ફક્ત (a), (b), (c), (d)

199. મનુષ્યમાં બાળકના જન્મ સમયે નીચેનામાંથી કયું અગત્યનું નથી ?

(1) ઓક્સિટોસીનનું મુક્ત થવુ

(2) પ્રોલેક્ટીનનું મુક્ત થવુ

(3) ઈસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન રેશિયોમાં વધારો

(4) પ્રોસ્ટાગ્લેન્ડીન્સનું સંશ્લેષણ

200. **નિવેદન (A) :**

ખૂબજ ઉંચાઈ પર રહેલ માણસ ઉંચાઈને લગતી બિમારી અનુભવે છે જેમકે શ્વાસ લેવામાં તકલીફ અને હૃદયના ધબકાર.

કારણ (R) :

ઉંચાઈ પર નીચા વાતાવરણીય દબાણને કારણે શરીર ને જરૂરી ઓક્સિજન મળતો નથી.

ઉક્ત વિધાનોનાં પરિપ્રેક્ષ્યમાં નીચે આપેલ વિકલ્પોમાંથી **સાચો** જવાબ પસંદ કરો.

(1) **(A)** સાચુ છે પરંતુ **(R)** ખોટુ છે.

(2) **(A)** ખોટુ છે પરંતુ **(R)** સાચુ છે.

(3) **(A)** અને **(R)** સાચા છે અને **(R)** એ **(A)** ની સાચી સમજૂતી છે.

(4) **(A)** અને **(R)** બંને સાચા છે પરંતુ **(R)** એ **(A)** ની સાચી સમજૂતી નથી.

- o 0 o -

Z@LLEGE.in

Space For Rough Work

ZOLLEGE.in
ZOLLEGE.in

Read carefully the following instructions :	*નિમ્ન સૂચનાઓને ધ્યાનપૂર્વક વાંચો :*
6. On completion of the test, the candidate **must hand over the Answer Sheet (ORIGINAL and OFFICE Copy) to the Invigilator** before leaving the Room/Hall. The candidates are allowed to take away this Test Booklet with them.	6. પરીક્ષા સંપન્ન થયા પછી, **પરીક્ષાર્થી રૂમ/હૉલ છોડતાં પહેલા ઉત્તરવહિ (મૂળ નકલ અને ઓફિસ નકલ) વર્ગ નિરિક્ષકને અવશ્ય પાછી આપે.** પરીક્ષાર્થી પોતાની સાથે આ પ્રશ્ન-પુસ્તિકા લઈ જઈ શકે છે.
7. **The CODE for this Booklet is O6. Make sure that the CODE printed on the Original Copy of the Answer Sheet is the same as that on this Test Booklet.** In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of both the Test Booklet and the Answer Sheet.	7. **આ પુસ્તિકાનો કોડ O6 છે. એ ખાતરી કરીલો કે આ પુસ્તિકાનો કોડ, ઉત્તરવહિના મૂળ નકલ પર છાપેલ કોડ સાથે મેળ ખાય છે.** જો તે અલગ હોય તો પરીક્ષાર્થી બીજી પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરવહિ લેવા નિરિક્ષકને તુરંત જાણ કરે.
8. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Test Booklet/Answer Sheet.	8. પરીક્ષાર્થી એ સુનિશ્ચિત કરે કે આ ઉત્તરવહિ વળે નહીં અને તેના પર કોઈ નિશાન ન કરે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમ પ્રશ્ન-પુસ્તિકા/ ઉત્તરવહિમાં નિર્ધારિત સ્થાન સિવાય અન્યત્ર ક્યાંય લખવો નહીં.
9. Use of white fluid for correction is **NOT** permissible on the Answer Sheet.	9. ઉત્તરવહિમાં કોઈપણ પ્રકારના સુધારા માટે વ્હાઈટ-ઈન્કનો ઉપયોગ કરવાની અનુમતિ **નથી.**
10. Each candidate must show on-demand his/her Admit Card to the Invigilator.	10. નિરિક્ષકની માંગ પર દરેક પરીક્ષાર્થીએ પ્રવેશ કાર્ડ બતાવવું.
11. No candidate, without special permission of the centre Superintendent or Invigilator, would leave his/her seat.	11. કેન્દ્ર અધિક્ષક અથવા નિરિક્ષકની વિશેષ અનુમતિ વિના કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન છોડવું નહીં.
12. The candidates should not leave the Examination Hall without handing over their Answer Sheet to the Invigilator on duty and sign (with time) the Attendance Sheet **twice. Cases, where a candidate has not signed the Attendance Sheet second time, will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an Unfair Means case.**	12. પરીક્ષાર્થીએ ડ્યુટી પર રહેલાં નિરિક્ષકને ઉત્તરવહિ સોંપ્યા વગર પરીક્ષા હૉલ છોડીને જવું નહીં અને હાજરી પત્રમાં બે વખત સહી (સમય સાથે) કરવી. **જો પરીક્ષાર્થીએ હાજરી પત્રમાં બીજી વખત સહી ન કરી હોય, તો ઉત્તરવહિ સોંપવામાં આવી નથી તેમ માની લેવામાં આવશે અને તેને અનુચિત વ્યવહાર ગણવામાં આવશે.**
13. Use of Electronic/Manual Calculator is prohibited.	13. ઈલેક્ટ્રોનિક/હસ્તચલિત કેલક્યૂલેટરનો ઉપયોગ નિષેધ છે.
14. The candidates are governed by all Rules and Regulations of the examination with regard to their conduct in the Examination Room/Hall. All cases of unfair means will be dealt with as per the Rules and Regulations of this examination.	14. પરીક્ષા રૂમ/હૉલમાં દરેક પરીક્ષાર્થીનાં વ્યવહાર બાબત, પરીક્ષા દ્વારા નિર્ધારિત ધારાધોરણને આધીન છે. અનુચિત વ્યવહારની બધી સ્થિતિમાં પરીક્ષાનાં ધારાધોરણ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.
15. **No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.**	15. **આ પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરવહિનો કોઈપણ ભાગ કોઈપણ સંજોગોમાં છૂટા પાડવા નહીં.**
16. The candidates will write the Correct Test Booklet Code as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.	16. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરવહિમાં આપેલ પરીક્ષા પુસ્તિકા કોડને પરીક્ષાર્થીએ સરખી રીતે હાજરીપત્રમાં લખવું.

ZOLLEGE.in